કેસ રજુ તા.:૦૯/૧૧/૨૦૧૦.
કેસ દાખલ તા.:૦૯/૧૧/૨૦૧૦.
કેસ ફેંસલ તા.:૦૬/૦૬/૨૦૨૬.
અવધિ :–<u>વર્ષ. માસ. દિવસ.</u>
૧૫ ૦૬ ૨૭

***<u>મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.</u>***

**<u>ફોજદારી કેસ નં.–૧૧૮૩/૨૦૧૦.</u>**

**આંક–૫૬**

**ફરિયાદી.** :– **શ્રી સરકાર.**
(તળાજા પો.સ્ટે., ફર્સ્ટ, ગુ.ર., નં.–૮૮/૨૦૧૦).

**વિરૂદ્ધ**

**આરોપી.** :– **સુરેશભાઈ મગનભાઈ બાંભણીયા.**
ઉ.વ.આ.–૩૫, ધંધો–પ્રા. નોકરી,
રહે. નૂતનનગર, હેવન હોટલ સામે,
નીકૂ મોટર ગેરેજની પાસે, મહુવા.
મુળ ગામ–માંડલી, તા.ઝાલોદ, જિ.દાહોદ.

**<u>–: ગુન્હો :–</u>**

*<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ અન્વયે.....</u>*

---

*સરકાર તરફે :–વિ.એ.પી.પી. શ્રી એફ.એમ.શેખ.*
*આરોપી તરફે :–વિ.વ.શ્રી એચ.એચ.ત્રિવેદી.*

---

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

ગઈ તા.૫/૧૦/૨૦૧૦ના રોજ કલાક:૧૦/૧૫ વાગ્યે, તળાજા–મહુવા હાઈ–વે રોડ ઉપર, આ કામના આરોપીએ તવકકલ ટ્રાન્સપોર્ટ–મહુવાના ટ્રક નં.GJ-04-V-4118 ને હાઇ–વેની વચ્ચે બંધ હાલતમાં રાખી, ટ્રકની આગળ–પાછળ રીફલેકટર કે, ચેતવણી દર્શાવતી કોઇ નિશાની રાખ્યા વગર, બેદરકારી અને ગફલતભરી રીતે, માનવ જિંદગી જોખમાય તે રીતે રાખી, મહુવા તરફથી આવતા શુભમંગલ ટ્રાન્સપોર્ટના ટ્રક નં.GRU-3864 આરોપીના ટ્રક સાથે ભટકાતા, તેના ડ્રાઇવર અમૃતલાલ તથા કલીનર હરીશભાઇ ડોડીયાનું સ્થળ પર મોત નિપજાવી, ગુન્હો કર્યાની ફરિયાદ ફરિયાદીએ તળાજા પો.સ્ટે.માં નોંધાવતા, ફર્સ્ટ, ગુ.ર., નં.–૮૮/૨૦૧૦થી ગુન્હો દાખલ કરી, ત.ક.અ.શ્રી દ્વારા તપાસના અંતે, આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા સબબ પૂરતો પુરાવો મળી આવતા, ચાર્જશીટ અદાલતમાં રજુ કરતા, તેને ફોજદારી રજીસ્ટરે ફો.કેસ નં.–૧૧૮૩/૨૦૧૦ આપવામાં આવેલ.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતા, તેમની સામેના ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કરતા, આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ. તે બાદ, સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે, આરોપીને સી.આર.પી.સી. કલમ–૧૭૩ મુજબના કાગળોની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાતરી કર્યા

બાદ, સી.આર.પી.સી. કલમ–૨૫૧ અન્વયે, આરોપીને ગુના અંગેની સમજ આપી, મારા પુરોગામી વિ. ન્યાયાધિશશ્રીએ ઉપરોક્ત ગુન્હા સબબ આરોપી ની આંક–૫થી પ્લી રેકર્ડ કરતા, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ.

(૩) ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબના પુરાવાઓ રજુ થયેલ છે :–

| ક્રમ. | –: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :– | આંક. |
|---|---|---|
| ૦૧. | પંચસાહેદ ભગીરથસિંહ પ્રદ્યુમ્નસિંહ ગોહિલની જુબાની. | ૧૩. |
| ૦૨. | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરીનકલ. | ૧૪. |
| ૦૩. | સાહેદ સડથાભાઈ દેહુરભાઈ કળસરીયાની જુબાની. | ૧૬. |
| ૦૪. | પંચસાહેદ હરીભાઈ લક્ષ્મણભાઈ ભેડાની જુબાની. | ૨૦. |
| ૦૫. | ફરીયાદી દેવીલાલ રામશંકર કટારાની જુબાની. | ૪૦. |
| ૦૬. | ફરીયાદની ખરીનકલ. | ૪૧. |
| ૦૭. | સાહેદ ગજેન્દ્રભાઈ દિનાજીભાઈ દોડીપારની જુબાની. | ૪૨. |
| ૦૮. | સાહેદ શંકરલાલ દિનાજીભાઈ દોડીપારની જુબાની. | ૪૩. |
| ૦૯. | ઈન્કવેસ્ટ પંચનામાની ખરીનકલ. | ૪૪. |
| ૧૦. | ત.ક.અ. નિવૃત્ત પી.એસ.આઈ. શાહબુદ્દીન સુભાનખાન શેખની જુબાની. | ૪૭. |
| ૧૧. | ગુનાવાળી જગ્યાનો નકશો. | ૪૮. |
| ૧૨. | મરનારની પી.એમ.નોટ. | ૪૯, ૫૦. |
| ૧૩. | આરોપીનું લાયસન્સ, ટ્રકની આર.સી.બુક, ઈન્સ્યોરન્સ ના કાગળો. | ૫૧ થી ૫૩. |
| ૧૪. | અસલ એફ.આઈ.આર. | ૫૪. |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતા, આરોપીઓ સામે રેકર્ડ પર આવેલ પુરાવા સંદર્ભે આરોપીનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેમની સામે પડેલ પુરાવાઓનો ઈન્કાર કરી, તેમણે કહેવાતો ગુનો કરેલ ના હોય અને તેઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ હોઈ, તેઓ પર તેમના વૃદ્ધ માતા–પિતાની

જવાબદારી હોઈ, તેમના ઉપર ખોટો ગુનો દાખલ થયેલ હોઈ, તેમના ઉપર દયા–રહેમ રાખી, હાલના ગુનામાંથી નિર્દોષ છોડી મૂકવા અરજ ગુજારેલ છે.

(૫) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એફ.એમ.શેખ તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એચ.એચ.ત્રિવેદીની દલીલો સાંભળી.

(૬) સદર કેસની ઉપરોક્ત હકીકતો અને સંજોગો, રેકર્ડ પર રજુ થયેલ પુરાવો, સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતા, કેસના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :–

**<u>–: મુદ્દા :–</u>**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે બનાવ સમયે અને સ્થળે, આ કામના આરોપીએ તવક્કલ ટ્રાન્સપોર્ટ–મહુવાના ટ્રક નં.GJ-04-V-4118 ને હાઈ–વેની વચ્ચે બંધ હાલતમાં રાખી, ટ્રકની આગળ–પાછળ રીફલેકટર કે, ચેતવણી દર્શાવતી કોઈ નિશાની રાખ્યા વગર, બેદરકારી અને ગફલતભરી રીતે, માનવ જિંદગી જોખમાય તે રીતે રાખી, મહુવા તરફથી આવતા શુભમંગલ ટ્રાન્સપોર્ટના ટ્રક નં.GRU-3864 આરોપીના ટ્રક સાથે ભટકાતા, તેના ડ્રાઈવર અમૃતલાલ તથા કલીનર હરીશભાઈ ડોડીયાનું સ્થળ પર મોત નિપજાવી, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(એ)તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :– (૧) નકારાત્મક. (૨) આખરી હુકમ મુજબ.

**<u>–: કારણો :–</u>**

(૮) ***મુદ્દા નંબર–૧ :–***

પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ પર હોય છે. હવે, આ તબક્કે, નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **AIR 1977 SUPREME COURT 170, "Rabindra Kumar Dey v. State of Orissa"**ના ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે નીચે પ્રમાણે ઠરાવેલ છે.

"Three cardinal principles of criminal jurisprudence are well settled namely:

(1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) that the onus of the prosecution never shifts."

*આમ, ઉપરોક્ત ચુકાદો વંચાણે લેતા પણ, તે સિદ્ધાંત જ તરી આવે છે તથા આરોપી વિરૂદ્ધનો કેસ ફરીયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવાનો રહે છે. જો ફરીયાદ પક્ષના કેસમાં કોઈપણ શંકા જણાય તો તેનો લાભ ચોક્કસપણે આરોપીને મળવાપાત્ર થાય છે, પરંતુ સદર શંકા વ્યાજબી હોવી જોઈએ. ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ મેથેમેટીકલ સર્ટેનિટીથી સાબિત કરવાનો નથી. જો ફરીયાદ પક્ષના કેસમાં કોઈ વ્યાજબી શંકા ન હોય, તો તે પૂરતુ છે.*

(૯) ઉપરોક્ત દલીલો તેમજ ફરિયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન કરતા, આંક–૧૩થી પંચસાહેદ ભગીરથસિંહ પ્રદ્યુમ્નસિંહ ગોહિલ તથા આંક–૨૦થી પંચસાહેદ હરીભાઈ લક્ષ્મણભાઈ ભેડાને સોગંદ ઉપર તપાસેલા છે. આંક–૧૪થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ

રજુ છે. સદર તમામ પંચોનો પુરાવો એકસાથે વંચાણે લેવામાં આવે તો, પોલીસે તેમને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરી આપેલ, પરંતુ પોલીસે તેમની હાજરીમાં કોઈ પંચનામુ કરેલ નથી તેમજ બનાવ તેમણે નજરે જોયેલ ના હોઈ, બનાવની તેમને અંગત જાત–માહિતી નથી તેવી સ્પષ્ટ હકીકતો સ્વીકારેલ હોઈ, સદર પંચો પૈકી પંચ ભગીરથસિંહને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે.

(૧૦) ફરીયાદ પક્ષે આંક–૧૬થી સાહેદ સડથાભાઈ દેહુરભાઈ કળસરીયાને સોગંદ ઉપર તપાસતા, બનાવ તેમણે નજરે જોયેલ ના હોઈ, બનાવ શું બનેલો, તેની તેઓને જાત–માહિતી નથી અને તેથી, સદર સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થઈ શકતો નથી.

(૧૧) સદર કામે આંક–૪૦થી ફરીયાદી દેવીલાલ રામશંકર કટારાની જુબાની રેકર્ડ થયેલ છે. આંક–૪૧થી ફરીયાદ રજુ છે. ફરીયાદીનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો, તેઓ એવી હકીકતો સ્પષ્ટપણે સ્વીકારે છે કે, બનાવમાં અકસ્માત થતા, તેમના ટ્રકની ડ્રાઈવર કેબીન તથા બોડી તૂટી ગયેલી હાલતમાં હતા અને ડ્રાઈવર અમૃતલાલ તથા કલીનર હરીશને ઈજા થવાથી તેઓ મરણ પામેલા, પરંતુ આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ અકસ્માત નજરે જોયેલ નથી જેથી, અકસ્માત કોની બેદરકારીથી બનેલ, તે તેઓ કહી શકે નહીં કે, અકસ્માત સમયે વાહન કોણ ચલાવતુ હતુ, તેની તેઓને ખબર નથી તેવી હકીકતો જણાવેલ છે. આ સંજોગોમાં, અકસ્માતનો બનાવ આ કામના આરોપીની બેદરકારી અને બેકાળજીના કારણે સર્જાયેલ હોવાની હકીકત પુરવાર થઈ શકતી નથી.

**(૧૨)** ફરીયાદ પક્ષે આંક–૪૨થી ગજેન્દ્રભાઈ દિનાજીભાઈ દોડીપાર તથા આંક–૪૩થી સાહેદ શંકરલાલ દિનાજીભાઈ દોડીપારને સોગંદ ઉપર તપાસેલા છે. સદર બન્ને સાહેદ ફરીયાદવાળો અકસ્માત સર્જાતા, તેમાં તેમના ભાઈ તથા કલીનર હરીશભાઈનું મરણ થયેલ હોવાનું જણાવે છે, પરંતુ અકસ્માત તેમણે નજરે જોયેલ ના હોઈ, અકસ્માત કોની બેદરકારીથી બનેલ, તે તેઓ કહી શકે નહીં કે, અકસ્માત સમયે વાહન કોણ ચલાવતુ હતુ, તેની તેઓને ખબર નથી તેવી હકીકતો બન્ને સાહેદની આરોપી તરફેની ઉલટતપાસમાં સ્પષ્ટ રેકર્ડ પર છે. આ સંજોગોમાં, સાહેદના પુરાવા પરથી અકસ્માતવાળા બનાવમાં આ કામના આરોપીની બેદરકારી પુરવાર થઈ શકતી નથી અને તેથી, સદર સાહેદોને ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલા જાહેર કરેલા છે.

**(૧૩)** તે બાદ, સદર કામે આંક–૪૭થી આ કામના ત.ક.અ. નિવૃત્ત પી.એસ.આઈ. શાહબુદ્દીન સુભાનખાન શેખની જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે. આંક–૪૮થી ગુનાવાળી જગ્યાનો નકશો, આંક–૪૯ તથા આંક–૫૦થી મરનારની પી.એમ.નોટ, આંક–૫૧ થી આંક–૫૩ સુધીમાં આરોપીનું લાયસન્સ, ટ્રકની આર.સી.બુક, ઈન્સ્યોરન્સના કાગળો તેમજ આંક–૫૪થી અસલ એફ.એલ.આર. રજુ છે. સદર ત.ક.અ. તેમની સરતપાસમાં હાલની ફરીયાદ અન્વયે તેમણે કરેલ તપાસ અને ચાર્જશીટની વિગતોને સમર્થનકારી પુરાવો આપેલ છે, જે સ્વાભાવિક છે. જયારે, ત.ક.અ. તેમની આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યા એ જાહેર માર્ગ છે અને ત્યાંથી લોકોની સતત અવર–જવર શરૂ હોય છે તેમ છતાં, આ કામે કોઈ નજરે જોનાર સાહેદ મળી આવેલ નથી. આમ, ત.ક.અ.ની તપાસની કામગીરી ખામીયુકત જણાતી હોઈ, તેના ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

(૧૪) સદર કામે આંક–૪૪થી ઈન્કવેસ્ટ પંચનામુ રજુ થયેલ છે, પરંતુ આંક–૪૧થી રજુ ફરિયાદ કે જે હાલના કેસમાં મુખ્ય પુરાવો છે, તેને જ ફરિયાદ પક્ષે રેકર્ડ ઉપર નિ:શંકપણે પુરવાર કરેલ નથી ત્યારે, સદર દસ્તાવેજી પુરાવો કે જે ગૌણ પુરાવો છે, તેના ઉપર આધાર રાખી, આ કામના આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૧૫) આમ, ઉપરોક્ત કરેલ સમગ્ર ચર્ચા પરથી ફરીયાદ પક્ષ નિ:શંક–પણે પુરવાર કરી શકેલ નથી કે બનાવ સમયે અને સ્થળે, આ કામના આરોપીએ તવકકલ ટ્રાન્સપોર્ટ–મહુવાના ટ્રક નં.GJ-04-V-4118 ને હાઈ–વેની વચ્ચે બંધ હાલતમાં રાખી, ટ્રકની આગળ–પાછળ રીફલેકટર કે, ચેતવણી દર્શાવતી કોઈ નિશાની રાખ્યા વગર, બેદરકારી અને ગફલતભરી રીતે, માનવ જિંદગી જોખમાય તે રીતે રાખી, મહુવા તરફથી આવતા શુભમંગલ ટ્રાન્સપોર્ટના ટ્રક નં.GRU-3864 આરોપીના ટ્રક સાથે ભટકાતા, તેના ડ્રાઈવર અમૃતલાલ તથા કલીનર હરીશભાઈ ડોડીયાનું સ્થળ પર મોત નિપજાવેલ. આથી, આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું સ્પષ્ટ માનવુ છે. વળી, ફરીયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુન્હા મુજબનું તહોમત એટલે કે, ભારતીય દંડ સંહિતાની કલમ –૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નંબર–૧નો જવાબ નકારાત્મક ઠરાવી, મુદ્દા નંબર–૨ પરત્વે, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડ–૧૯૭૩ની કલમ–૨૫૫(૧) અન્વયે આઈ.પી.સી. કલમ–૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એકટની કલમ

–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષા પાત્ર ગુન્હા સબબ શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજ તારીખ–૬, માહે–જુન, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.